પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૦૧ | ૧૧ જાન્યુઆરી, ૨૦૧૯, શુક્રવાર; પોષ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જીએસટી માટે મુક્તિમર્યાદા ૪૦ લાખ

## નાના વેપારીને રાહત : ૪૦ લાખ સુધી ટર્નઓવર ધરાવનારને રજિસ્ટ્રેશનમાંથી મુક્તિ : દેશના પૂર્વોત્તર અને પહાડી રાજ્યોની કંપનીઓ માટે જીએસટી રજિસ્ટ્રેશનની રાહતની મર્યાદા ૨૦ લાખ કરી : કમ્પોઝિશન સ્કીમને લઇ મહત્વપૂર્ણ નિર્ણય

નવીદિલ્હી, તા. ૧૦

નાના કારોબારીઓને ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ કાઉન્સિલે આજે મોટી રાહત આપી હતી. નવેસરના નિર્ણય મુજબ હવે ૪૦ લાખ રૂપિયા સુધીના વાર્ષિક ટર્નઓવરવાળી કંપનીઓને જીએસટી રજિસ્ટ્રેશનમાંથી મુક્તિ મળી ગઈ છે. પહેલા આ મર્યાદા ૨૦ લાખ રૂપિયાની હતી. આવી જ રીતે જીએસટી કાઉન્સિલે પૂર્વોત્તર અને પહાડી રાજ્યોની કંપનીઓ માટે જીએસટી રજિસ્ટ્રેશન માટે છુટછાટની મર્યાદા ૧૦ લાખ રૂપિયાથી બે ગણી કરીને ૨૦ લાખ કરી દીધી છે. જેટલીએ કહ્યું હતું કે, પહેલા ૨૦ લાખ રૂપિયા સુધીના ટર્નઓવરવાળા ઉદ્યોગોને જીએસટી રજિસ્ટ્રેશનમાંથી છુટછાટ મળી ગઈ હતી. હવે ઉત્તરપૂર્વીય અને પહાડી રાજ્યો માટે છુટછાટની મર્યાદા ૧૦ લાખ રૂપિયા હતી પરંતુ નાના રાજ્યોએ પોતાના કાયદા બનાવી લીધા છેઅને આ મર્યાદા ૨૦ લાખ રૂપિયા કરી હતી. અમે આમા બે ગણો કરવેરો ક્રમશઃ ૪૦ લાખ અને ૨૦ લાખ રૂપિયા કરી રહ્યા છે. એટલે કે બાકી ભારતમાં સ્લેબ ૨૦ લાખ રૂપિયાને વધારીને ૪૦ લાખ રૂપિયા કરવામાં આવ્યો છે જ્યારે ઉત્તર પૂર્વીય અને પહાડી રાજ્યો માટે ૨૦ લાખ રૂપિયાના




ટર્નઓવરવાળી કંપનીઓને જીએસટી રજિસ્ટ્રેશનમાંથી મુક્તિ આપી દેવામાં આવી છે. ઉત્તરપૂર્વીય અને પહાડી રાજ્યોને આ લિમિટને વધારવા અને ઘટાડવાની મંજુરી આપવામાં આવી છે. જેટલીએ માહિતી આપતા કહ્યું હતું કે, જીએસટી છુટછાટની મર્યાદા વધારી દેવાથી નાના કારોબારીઓને કાયદાકીય ગુંચવણમાંથી મુક્તિ મળી જશે પરંતુ ટેક્સ ચોરીની ઘટનાઓમાં વધારો થવાની શંકા પણ ઉભી થઈ ગઈ છે. કારણ કે, કેટલાક ઉદ્યોગો ટેક્સ વિભાગની નજરમાંથી બચી જશે. પહેલા પ્રસ્તાવને એવી દલીલ સાથે ફગાવી દેવામાં આવી હતી કે, તેનો ખોટો ઉપયોગ થઈ શકે છે. કાઉન્સિલની બેઠકમાં જીએસટી રજિસ્ટ્રેશનમાંથી છુટછાટ, કમ્પોઝિશન સ્કીમ અને કેરળ હોનારત માટે સેસ લાગૂ કરવા સહિત અનેક પગલા લેવામાં આવ્યા હતા. જેટલીએ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, હવે કમ્પોઝિશન સ્કીમની મર્યાદા એક કરોડ રૂપિયાથી વધારીને દોઢ કરોડ રૂપિયા કરવામાં આવી છે. આનો મતલબ એ થયો કે, હવે જે કંપનીઓના વાર્ષિક ટર્નઓવર ૧.૫ કરોડ રૂપિયા સુધી છે તે કંપનીઓને લાભ લેવાની તક રહેશે. કાઉન્સિલે કમ્પોઝિશન સ્કીમની પસંદગી

● અનુસંધાન પાન-૭ પર

## મંદિર મામલે મુદત પડતા સંત સમુદાય નારાજ

**સંત સમુદાય વહેલી તકે નિર્ણય કરવા માટે ઇચ્છુક : કોર્ટના સુનાવણી ટાળવાના વલણને લઇ પ્રશ્નો ઉઠાવાયા**

નવીદિલ્હી, તા. ૧૦

સુપ્રીમ કોર્ટમાં અયોધ્યા મામલામાં સુનાવણી ટળી જતાં સંતોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. સુપ્રીમ કોર્ટના વારંવાર સુનાવણીને ટાળવાના વલણને લઈને દેશના લોકોમાં પણ નારાજગી દેખાઈ રહી છે. જસ્ટિસ યુયુ લલિતના બેંચમાંથી અલગ થવા બાદ કેસની સુનાવણી ૨૯મી જાન્યુઆરી સુધી ટાળી દેવામાં આવ્યા બાદ સંત સમાજે આકરી પ્રતિક્રિયા આપી છે. રામ મંદિર ન્યાસના સંત રામવિલાસ વેદાંતીએ કહ્યું છે કે, તેઓ આ મામલામાં વહેલીતકે સુનાવણ ઈચ્છે છે. બાબરી મસ્જિદના ઈકબાલ અન્સારીએ પણ વહેલીતકે સુનાવણીની ઈચ્છા વ્યક્ત કરી છે પરંતુ કોર્ટની પ્રક્રિયામાં દરમિયાનગીરી કરવાનો ઈન્કાર કરી દીધો છે. ઈકબાલ અન્સારીએ વિવાદાસ્પદ માળખા ઉપર

● અનુસંધાન પાન-૭ પર

# રામ મંદિર મામલે હવે, ૨૯મીએ સુનાવણી

## મોટી સંખ્યામાં લોકોની ભીડ વચ્ચે સેંકડોમાં સુનાવણીને ટાળી દેવાઈ : જસ્ટિસ લલિત બેંચમાં સામેલ હોવાને લઇને મુસ્લિમ પક્ષના વકીલે કેટલાક સવાલો ઉઠાવતા લલિત ખસી ગયા : ૮૮ સાક્ષીની જુબાની લેવા માટે સુસજ્જ

નવી દિલ્હી,તા. ૪

ભારે ચર્ચાસ્પદ અયોધ્યા મામલામાં સુનાવણી આજે ફરી એકવાર ૨૯મી જાન્યુઆરી સુધી ટાળી દેવામાં આવી હતી. સપ્રીમ કોર્ટમાં પણ તારીખ પર તારીખ પડવાનો સિલસિલો જારી રહ્યો છે. આજે ફરી એકવાર સુનાવણી ટાળી દેવાતા નિરાશાનુ મોજુ ફરી વળ્યુ હતુ. પાંચ જજની બંધારણીય પીઠમાં સામેલ રહેલા જસ્ટીસ યુયુ લલિતે આ મામલામાંથી પોતાને અલગ કરી લેતા સુનાવણી ફરી એકવાર ટળી ગઈ હતી. હવે નવી બેંચમાં જસ્ટીસ યુયુ લલિતની જગ્યાએ અન્ય જજને સામેલ કરવાાં આવનાર છે. હવે બેંચની રચના ફરીથી કરવામાં આવનાર છે. સીજેઆઈ રંજન ગોગોઈએ કહ્યું હતું કે, મામલામાં કુલ ૮૮ લોકોની જુબાની લેવામાં આવશે. આ મામલા સાથે જોડાયેલા ૨૫૭ દસ્તાવેજો રજૂ કરાશે. આ દસ્તાવેજો ૧૩૮૬૦ પાનામાં છે. મૂળભૂત રેકોર્ડિંગ ૧૫ બંડલોમાં છે. સીજેઆઈએ કહ્યું હતું કે કેટલાક દસ્તાવેજ, હિન્દી, અરબી અથવા તો ગુરુમુખી અને ઉર્દૂમાં છે. અગાઉ સુપ્રીમ કોર્ટે પાંચ જજની

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### દિલ્હી કોંગ્રેસના પ્રમુખપદે શીલા દિક્ષિત

અજય માકનના રાજીનામા બાદ દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષપદે શીલા દિક્ષિતનું નામ જાહેર કર્યું છે. ટવીટર પર માકને તેમને અભિનંદન પાઠવ્યા છે.

### લાલુ પ્રસાદને રાહત નહી

ઘાસચારા કૌભાંડમાં આરજેડીના પ્રમુખ અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવને કોઈ રાહત મળી નથી. ઝારખંડ હાઈકોર્ટે તેમની જામીન અરજી ફગાવી દીધી છે.

### ડેબીટ કાર્ડ-ક્રેડીટ કાર્ડ નંબર યાદ નહીં રાખવો પડે

ડેબીટ કાર્ડ અને ક્રેડીટ કાર્ડનો ઉપયોગ કરનારાઓને આર. બી. આઈએ રાહત આપી છે. ઓનલાઈન ચૂકવણી સમયે હવે કાર્ડનો નંબર યાદ નહીં રાખવો પડે. માત્ર એક વર્ચ્યુઅલ આઈડીથી તેનો ઉપયોગ કરી શકાશે.

# આલોક વર્માને સીબીઆઈના ડાયરેક્ટર પદેથી હટાવાયા

## મોદીના નેતૃત્વમાં સિલેક્શન કમિટિનો નિર્ણય : નાગેશ્વર રાવને ફરીથી જવાબદારી : ૨-૧ની બહુમતિથી નિર્ણય કરાયો : સીવીસી રિપોર્ટમાં વર્મા પર આઠ આરોપ

નવી દિલ્હી, તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે ઉચ્ચ સ્તરીય પસંદગી સમિતિએ લાંબી બેઠક કરીને સીબીઆઈ નિર્દેશક આલોક વર્માને હોદ્દા પરથી દૂર કરવાનો નિર્ણય કર્યો હતો. સમિતિના અન્ય સભ્યોમાં કોંગ્રેસી નેતા મલ્લિકાર્જુન ખડગે, જસ્ટિસ એકે સિકરી સામેલ હતા. જસ્ટિસ સિકરી દેશના ચીફ જસ્ટિસ રંજન ગોગોઇ તરફથી ઉપસ્થિત રહ્યા હતા. આ મહત્વપૂર્ણ બેઠક બે કલાકથી પણ વધારે સમય સુધી ચાલી હતી. આખરે આલોક વર્માને દૂર કરવામાં આવ્યા હતા. નવા ડિરેક્ટરની નિમણૂંક થવા સુધી અથવા તો



આગામી આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી સીબીઆઈના હોદ્દા ઉપર એમ નાગેશ્વર રાવ એજન્સી ચીફ તરીકે કામ કરશે. પસંદગી કમિટિએ ૨-૧થી આ ચુકાદો આપ્યો હતો. મલ્લિકાર્જુન ખડગેએ આ ચુકાદાનો વિરોધ કર્યો હતો. સુત્રોના કહેવા મુજબ જસ્ટિસ સિકરીએ કહ્યું હતું કે, આલોક વર્માની સામે તપાસની જરૂર છે. મંગળવારના દિવસે જ સુપ્રીમ કોર્ટે આલોક વર્માને ફરી હોદ્દા પર નિમણૂંક કર્યા હતા. આલોક વર્માને હવે ફાયર સર્વિસ, સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના ડીજી બનાવવામાં આવ્યા છે. ભ્રષ્ટાચાર અને પોતાની ફરજની ઉપેક્ષા કરવા બદલ તેમનો સીબીઆઈના ડિરેક્ટર તરીકે દૂર કરાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## સંસદના બન્ને ગૃહોમાં પસાર થયા બાદ અનામત બીલને સુપ્રીમમાં પડકાર

**સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને તર્કદાર દલીલો કરાઈ : પરિવારની આઠ લાખ રૂપિયાની આવકને લઇ પણ પ્રશ્નો**

નવી દિલ્હી, તા. ૧૦

નોકરી અને શિક્ષણમાં સામાન્ય કેટેગરીમાં ગરીબ લોકોને ૧૦ ટકા આપવા સાથે સંબંધિત બિલ લોકસભા અને રાજ્યસભામાં બહુમતિ સાથે પસાર કરવામાં આવી ચુક્યું છે પરંતુ આને સુપ્રીમ કોર્ટમાં આજે પડકારવામાં આવ્યો છે. જો કે, સુપ્રીમ કોર્ટમાં પણ કોઇ અડચણ રહેશે નહીં તેમ કાયદાકીય નિષ્ણાતો માની રહ્યા છે. સવર્ણ ગરીબો માટે ૧૦ ટકા અનામત આપવા સાથે સંબંધિત બિલ કાનૂન બનવા આડે માત્ર એક હસ્તાક્ષરના અંતરે છે. રાષ્ટ્રપતિ પાસે આ બિલને મોકલી દેવામાં આવ્યા બાદ બિલ કાનૂન બની જશે. આજે આ સંદર્ભમાં અડચણો ઉભી કરીને યુથ ફોર ઈક્વાલિટી ઓર્ગેનાઇઝેશન દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી અને આ બિલને રદ કરવાની માંગ કરવામાં આવી હતી. એવી દલીલ કરવામાં આવી હતી કે, આ બિલ આર્થિક આધાર પર અનામત માટે યોગ્ય નથી. રાજ્યસભા અને લોકસભામાં આ બિલ પસાર થઈ ચુક્યું છે. રાજ્યસભામાં બુધવારના દિવસે તેની તરફેણમાં ૧૬૫ અને વિરોધમાં સાત મત સાથે પાસ કરવામાં આવ્યું હતું જ્યારે આના એક દિવસ પહેલા લોકસભામાં બંધારણીય સુધારા બિલ પસાર કરવામાં આવ્યું હતું. ગૃહ દ્વારા વિરોધી સભ્યો દ્વારા રજૂ કરવામાં આવેલા પાંચ સુધારાને ફગાવી દેવામાં આવ્યા હતા. બિલને લઈને તર્કદાર રજૂઆતો કરવામાં આવી હતી. જનરલ ક્વોટાને પડકાર ફેંકનાર બિલને લઈને રજૂઆત કરવામાં આવી હતી. અરજીમાં પરિવારની આઠ લાખ રૂપિયાની વાર્ષિક આવકના માપદંડ ઉપર પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. સામાન્ય વર્ગના ગરીબો માટે નોકરી અને શિક્ષણમાં ૧૦ ટકા અનામતની વાત કરવામાં આવી છે. દલીલમાં જણાવવામાં આવ્યું છે કે, બંધારણના મૂળભૂત માળખાની વિરુદ્ધમાં બિલ પાસ કરવામાં આવ્યું છે. સંગઠને જનરલ ક્વોટાને સમાનતાના અધિકાર અને બંધારણના માળખાની વિરુદ્ધમાં ગણાવ્યું છે.

# ઉત્તર ભારતમાં કોલ્ડવેવ

## ટ્રેન તેમજ વિમાની સેવા ઠપ, લોકો અટવાયા : કારગિલમાં માઇનસ ૧૮.૨ અને લડાખમાં માઇનસ ૧૫ ડિગ્રી : જમ્મુ કાશ્મીર અને હિમાચલના વિવિધ ભાગોમાં હિમવર્ષા જારી ગુલમર્ગમાં પારો માઇનસ ૮.૫ ડિગ્રી : અમરનાથ, વૈષ્ણોદેવીની આસપાસ લોકો ફસાયા

નવી દિલ્હી,તા. ૧૦

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીની સાથે સાથે તીવ્ર ધુમ્મસની ચાદર હાલમાં છવાયેલી છે. આના કારણે દિલ્હી અને એનસીઆરમાં લોકોની હાલત કફોડી બનેલી છે. દિલ્હી-એનસીઆરમાં સવારમાં તો પારો ગગડીને વધુ નીચી સપાટી પર પહોંચી ગયો છે. ધુમ્મસના કારણે દિલ્હી-એનસીઆરમાં સવારમાં લોકોની હાલત કફોડી રહી હતી. દિલ્હીથી ચાલતી અનેક ટ્રેનો લેટ થઈ છે. જ્યારે અનેક ટ્રેનો રદ કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને હરિયાણામાં પણ લોકોની હાલત કફોડી બનેલી છે.



ઉત્તર ભારતમાં શીત લહેર છે. બીજી બાજુ પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ રહી છે. કાશ્મીરમાં ગુલમર્ગ, પહેલગામ, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં પણ હિમવર્ષા થઈ છે. કાશ્મીરના કારગીલમાં તાપમાન શુન્ય કરતા ખુબ નીચે નીચે પહોંચી ગયુ છે. લેહમાં માઈનસ ૧૫ ડિગ્રી તાપમાન થયું છે. નાવેસારથી હિમવર્ષાના કારણે ચારેબાજુ બરફની ચાદર છવાયેલી છે. લડાખમાં પણ આવી જ હાલત બનેલી છે. લડાખમાં માઈનસ ૧૫ ડિગ્રી તાપમાન થયું છે જ્યારે કારગિલમાં માઈનસ ૧૮.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

# આજથી રામલીલા મેદાનમાં ભાજપ લોકસભા ચૂંટણીની વ્યૂહરચના ઘડશે

## આજથી ભાજપની બે દિવસનું અધિવેશન : બંને દિવસે વડાપ્રધાન મોદી પણ ઉપસ્થિત રહેશે : મિની પીએમઓની પણ રચના થઈ : જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રી, અમિત શાહ ઉપસ્થિત રહેશે

નવી દિલ્હી, તા. ૧૦

દિલ્હીના રામલીલા મેદાનમાં આવતીકાલે ૧૧મી અને ૧૨મી જાન્યુઆરીના દિવસે ભાજપના રાષ્ટ્રીય અધિવેશન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી બંને દિવસે સવારથી લઈને સાંજ સુધી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આવી સ્થિતિમાં તેમની કામગીરીને અસર ન થાય તે માટે મિની પીએમઓની રચના પણ કરવામાં આવી ચુકી છે. જેથી જરૂર પડશે તો વડાપ્રધાન ત્યાંથી પોતાની કામગીરી કરી શકશે. ચારેબાજુ એસપીજીની સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. વડાપ્રધાન અને કેન્દ્ર સરકારના અન્ય મંત્રીઓ અને પાર્ટીના વરિષ્ઠ હોદ્દેદારોની વચ્ચે બેઠક માટે એક મિટિંગ હોલની રચના પણ કરવામાં આવી છે. પાર્ટીના અનેક રાષ્ટ્રીય હોદ્દેદારો રામલીલા મેદાનમાં પહોંચીને તૈયારીની સમીક્ષા કરી ચુક્યા છે. દિલ્હી ભાજપના સહપ્રભારી તરુણ ચુઘે કહ્યું છે કે, આ આયોજન પોતાની રીતે ખાસ રાખવામાં આવ્યું છે. આ ગાળા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત કેન્દ્ર સરકારના તમામ મુખ્ય કેન્દ્રીય પ્રધાનો ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ માટે પણ એક અલગ ઓફિસ બનાવવામાં આવી છે. વડાપ્રધાન અને અમિતશાહની ઓફિસમાં પણ એવી તમામ સુવિધા રાખવામાં આવી છે જે સુવિધાઓની જરૂર પડી શકે છે. ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ માટે પણ અલગ અલગ વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. બેઠકમાં ભાગ લેવા ઉપરાંત ત્યાંથી જ પોતાની કામગીરીને નિહાળી શકે તે માટે પણ ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય